જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૨/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૯૦/૧૬

### બંધ મકાનોમા ઘરફોડ ચોરી કરતા ઇસમોની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓના માર્ગદશન અને સુપરવિઝન હેઠળ પો.સબ.ઇન્સ શ્રી કે.જી.ચૌધરી તથા પો.સબ.ઇન્સ.શ્રી કે.આઇ.જાડેજા નાઓએ હેડ.કોન્સ. ભગવાનભાઇ મસાભાઇ તથા હેડ.કોન્સ.કિરિટસિંહ હરિસિંહ નાઓને મળેલ બાતમી આધારે (1) સાગર ગોવિંદભાઇ દંતાણી ઉ.વ.26 રહે, 10/318, ગણેશનગર, ઔડાના મકાનમાં વાસણાં ભાઠામાં, અમદાવાદ (2) સંજય @ મમ્મી સ/ઓ નટુભાઇ દંતાણી ઉ.વ.29 રહે, ગામ. બાલીસણાં તા.જી. પાટણ (3) ધર્મેશ @ જુગો સ/ઓ ચંદ્રકાંતભાઇ દાતણીયા રહે, 709, ગણેશનગર ઔડાના મકાનમાં, ભાઠા વાસણાં, અમદાવાદ નાઓને સોનાચાંદીના દાગીના તથા ચાંદીના વાસણો મળી કુલ્લે રૂ 8,01,700/ ના મુદામાલ સાથે પકડી પાડેલ છે જે આરોપીઓની પુછપરછ દરમ્યાન આરોપીઓ દિવસ દરમ્યાન અમદાવાદ શહેરના વિસ્તારોમા ફરી બંધ મકાનોને ટાર્ગેટ કરી રાત્રીના સમય દરમ્યાન તે મકાનના દરવાજા લોક તોડી અથવા મકાનમા બારીની ગ્રીલ તોડી અથવા મકાનમા લાગેલ એ.સી.ને ધક્કો મારી અંદર પાડી દઇ મકાનોમા પ્રવેશ કરી ઘરફોડ ચોરીને અંજામ આપે છે આરોપીઓ ઘરફોડ ચોરી કરવામા તેમના સાગરિત તરીકે તેમના સગાને જ સાથે રાખે છે જે આરોપીઓની પુછપરછ દરમ્યાન નીચે મુજબના ગુનાઓ ડીટેકટ થયેલ છે.(1) મણીનગર I ગુ.ર.નં.55/15 I.P.C 454,457, 380,મુજબ

(2) મણીનગર I ગુ.ર.નં.237/14 I.P.C 454,457, 380,મુજબ

(3) ઇસનપુર I ગુ.ર.નં.142/15 I.P.C 454, 380,મુજબ

(4) એલીસબ્રીજ I ગુ.ર.નં.133/15 I.P.C 454, 457, 380,મુજબ

(5) સેટેલાઇટ I ગુ.ર.નં.416/10 I.P.C 454, 457, 380,મુજબ

### ગુનાહિત ઇતિહાસ

આરોપી સાગર ગોવિંદભાઇ દંતાણી નાનો અગાઉ સેટેલાઇટ, વસ્ત્રાપુર, નારણપુરા પો સ્ટેશન મા ઘરફોડ ચોરીના ગુનામા પકડાયેલ છે અને જે આરોપી નારણપુરા ના બે તથા સાબરમતીના એક ઘરફોડ ચોરીના ગુનામા વોન્ટેડ છે. તેમજ આરોપી સંજય @ મમ્મી સ/ઓ નટુભાઇ દંતાણી નાનો અગાઉ નારણપુરા, નવરંગપુરા પો સ્ટેશનમા 6 ઘરફોડ ચોરીના ગુનામા પકડાયેલ છે અને બે વાર પાસા પણ કાપેલ છે. તેમજ આરોપી ધર્મેશ @ જુગો સ/ઓ ચંદ્રકાંતભાઇ દાતણીયા નાનો અગાઉ મણીનગર, એલીસબ્રીજ, નવરંગપુરા પો સ્ટેશનમા ઘરફોડ ચોરીના ગુનામા પકડાયેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લઠ્ઠાકાંડના ગુનાનો આરોપી વિશાલ ઉર્ફે મોન્ટુ સાબરમતી જેલ ખાતેથી વચગાળા જામીન પર છુટી છેલ્લા એક વર્ષથી ફરાર થયેલ હોય જે પોતાના સાગરીત સાથે મળી અમદાવાદ શહેર વિસ્તારમાં ઓટોરીક્ષામાં પેસેન્જર તરીકે બેસી રીક્ષા ચાલકને ઘેનની ગોળી ભેળવેલ પ્રસાદ ખવડાવી બેભાન કરી શરીરે પહેરેલ સોનાના દાગીના, રોકડા રૂપીયા, મોબાઇલ ફોન વિગેરે કાઢી લેવાના ગુના કરતો હોય તેમજ અમદાવાદ શહેર વિસ્તારમાંથી ઓટોરીક્ષા ઓની ચોરીઓ કરતો હોય જેને ગેંગના સાગરીતો સાથે નિકોલ રીંગ રોડ ખાતેથી ઝડપી પાડી ૨૪ જેટલા ગુનાઓનો ભેદ ઉકેલતી**

**અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા સાહેબ તથા અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓએ અમદાવાદ શહેર નાઓએ જેલમાંથી વચગાળા જામીન રજા પર છુટી ફરાર થયેલ લઠ્ઠાકાંડના આરોપી વિશાલ ઉર્ફે મોન્ટુ જયંતીભાઇ પરમારને પકડી પાડવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પો.સબ.ઈન્સ. શ્રી એચ.વી.સિસારા, પો.સબ.ઈન્સ. શ્રી એ.પી.ચૌધરી નાઓ ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન સ્ટાફના હેડ.કોન્સ, હિતેન્દ્રસિંહ ખોડુભા, પો.કોન્સ. પ્રવિણસિંહ અમરસિંહ, પો.કોન્સ. મહેશકુમાર લવજીભાઇ નાઓને મળેલ બાતમી હકિકત આધારે નિકોલ રીંગ રોડ, સર્વિસ રોડ પરથી વચગાળા જામીન ફરારી તેમજ ગેંગના મુખ્ય સુત્રધાર આરોપી (૧) વિશાલ ઉર્ફે મોન્ટુ જયંતીભાઇ પરમાર ઉ.વ.૨૯ રહે. મ.નં.૩. મહાવીરનગર સોસાયટી, મહાવીર સ્કુલની બાજુમાં, દાણીલીમડા ગામ, અમદાવાદ મુળ વતન ગામ.જોરણંગ તા.જી.મહેસાણા તેના સાગરીત (૨) ઉપેન્દ્ર ઉર્ફે ઉમેશ રમણભાઇ પટેલ ઉ.વ.૩૨ રહે. મ.નં..૧૨૩, સુર્યનગર સોસાયટી, જુનો કઠવાડા રોડ, નિકોલ ગામ, અમદાવાદ (૩) દિનેશભાઇ કનુભાઇ બુહા (પટેલ) ઉ.વ.૩૮, રહે. મ.નં. બી/૪૦૪, મીરામનન ફ્લેટ, ખોડીયાર માતાજીના મંદિર પાછળ, નરોડા રોડ, નિકોલ, અમદાવાદ મુળ ગામ. ખીસા, તા.ધારી, જી.અમરેલી (૪) ધીરજીભાઇ મફાભાઇ રબારી ઉ.વ.૨૮, રહે. ગામ. કુકસ, રબારીવાસ, તા.જી. મહેસાણા (૫) આરીફખાન ઉર્ફે બોબો સાહેબખાન પઠાણ ઉ.વ.33, રહે. મહેસાણા, કસ્બા સેતવાડ, કડુ શેઠનો વરંડો, જી.મહેસાણા નાઓને આજ રોજ તા.૨૬/૦૨/૨૦૧૬ ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે. જેઓની પાસેથી ચોરી કરેલ ઓટોરીક્ષા નંગ-૫ કિંમત રૂ.૩,૫૦,૦૦૦/- તથા સોનાની ચેઇન-૧, વીંટી નંગ-૧, પેન્ડલ નંગ-૧ મળી કિંમત રૂ.30,૭૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિંમત રૂ.૧૦,૦૦૦/- તથા રોકડા રૂ.૩,૪૦૦/- તથા **એટીવાન** નામની ઘેનની ગોળીઓના પત્તા નંગ-૩ તથા આઇ.કાર્ડ, મળી કુલ કિંમત રૂ.૩,૯૪,૧૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરવામા આવેલ છે.

આરોપી વિશાલ ઉર્ફે મોન્ટુ જયંતીભાઇ પરમારની પુછપરછ કરતા પોતે સને-૨૦૦૯ માં હરીશંકર ઉર્ફે હરીયો રામદેવ કહાર દેશી દારુનો ધંધો કરતો હોય જેની સાથે દેશીની ખેપ મારવાનુ કામ કરતો ત્યારે હરીશંકરના ત્યાં દારુ પીવાથી લઠ્ઠાકાંડ થયેલ જેમાં અમદાવાદ શહેરમાં ૧૫૦ જેટલા માણસો દારુ પીવાથી મરણ ગયેલ હતા. જે લઠ્ઠાકાંડના ગુનામાં પોતાની ધરપકડ થયેલ હતી. અને ત્યારથી સાબરમતી જેલમાં હતો. બાદ ગઇ તા.૧૯/૦૨/૨૦૧૫ ના રોજ પોતાની માતા બીમાર હોય જેની સારવાર સબબ નામદાર ગુજરાત હાઇકોર્ટ ખાતેથી દિન-૧૪ ના વચગાળા જામીન રજા મેળવી છુટેલ હતો બાદ બીજા દિન-૧૪ ની રજાનો કોર્ટમાંથી વધાઓર કરાવેલ હતો. બાદ રજા પુરી થતા તા.૧૯/૩/૨૦૧૫ ના રોજ જેલ પર હાજર થાવાનુ હતુ પરંતુ જેલ પર હાજર નહિ થઇ ફરાર થઇ ગયેલ હતો. અને આજદિન સુધી ફરાર રહેલ હોવાનુ જણાવેલ છે.

તેમજ આરોપી વિશાલ ઉર્ફે મોન્ટુ તથા તેનો સાગરીત ઉપેન્દ્ર ઉર્ફે ઉમેશ રમણભાઇ પટેલ નાઓએ ભેગા મળી ઉપેન્દ્ર ઉર્ફે ઉમેશ ના મો.સા. ઉપર બેસી અમદાવાદ શહેરના જુદા-જુદા વિસ્તારમાં જઇ આરોપી વિશાલ ઉર્ફે મોન્ટુ પોતે જે સી.એન.જી. ઓટોરીક્ષાના ચાલકે શરીરે દાગીના પહેરેલ હોય તે ઓટોરીક્ષામાં પેસેન્જર તરીકે બેસી સ્પેશ્યીયલ ભાડેથી રીક્ષા કરી અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ લાંભા



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

બળીયાદેવ મંદિર, નિકોલ ખોડીયાર માતાજીના મંદિર, ધીઓડ અંબે માતાજીના મંદિર ખાતે દર્શન કરવા માટે જતો અને સાગરીત ઉપેન્દ્ર ઉર્ફે ઉમેશ રમણભાઇ પટેલ તેની પાછળ-પાછળ મો.સા. લઇ જતો હતો. અને આરોપી વિશાલ ઉર્ફે મોન્ટુ મંદિરમાં દર્શન કરવા જતો અને મંદીરમાં દર્શન કરી ત્યાંથી પ્રસાદી લેતો જે પ્રસાદમાં **એટીવાન** નામની ઘેનની ગોળી ભેળવી દઇ તે પ્રસાદ રીક્ષા ચાલકને ખવડાવતો હતો અને રીક્ષા ચાલક પ્રસાદ ખાદ્યા બાદ બેભાન થઇ જાય ત્યારે તેનો સાગરીત સાથે મળી રીક્ષા ચાલકે પરેલ સોનાના દાગીના, રોકડા રૂપીયા તથા કિંમતી ચીજવસ્તુ કાઢી લઇ રીક્ષા ચાલકને રીક્ષામાંથી છોડી દઇ ભાગી જતા હતા. આ પ્રકારની એમ.ઓ. વાળા સાગરીત ઉપેન્દ્ર ઉર્ફે ઉમેશ રમણભાઇ પટેલ સાથે મળી અમદાવાદના સિવિલ, નરોડા રીંગ રોડ, ભીમજીપુરા વાડજ રોડ વિસ્તારમાંથી ૩ ગુનાઓ કરેલ છે. તેમજ સાગરીત સંપત ઘેવરચંદ જૈન રહે. બાપુનગર, અમદાવાદ વાળાની સાથે મળી અમદાવાદના ગીતામંદિર, કાલુપુર, ડી-કેબીન, સુભાષબ્રીજ, ચાંડખેડા વિસ્તારમાંથી ૧૧ ગુનાઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે.

તેમજ આરોપી વિશાલ ઉર્ફે મોન્ટુ તથા સાગરીત નરેશ મગનભાઇ પરમાર રહે. ગામ.જોરણંગ તા.જી.મહેસાણા વાળા સાથે મળી છેલ્લા છ માસ દરમ્યાનમાં અમદાવાદ શહેરના ચાંદખેડા રોડ ઉપર, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ, ગીરધરનગર રોડ, બાપુનગર ગરીબનગર, અજીતમીલ રોડ, બાપુનગર છેલ્લા બસ સ્ટેન્ડ, હાઉસિંગ ખાતેથી કુલ-૬ સી.એન.જી. ઓટોરીક્ષા ઓના સોકેટ ખોલી વાયરીંગ ડાયરેકટ કરી રીક્ષા ચાલુ કરી તે રીક્ષા ઓની ચોરીઓ કરેલ જે રીક્ષા ઓના ચેસીસ નંબર ઉપર ચેડા કરી તેને સહ આરોપીઓ ધીરજીભાઇ મફાભાઇ રબારી તથા આરીફખાન ઉર્ફે બોબો સાહેબખાન પઠાણ નાઓને વેચતા હોવાની કબુલાત કરેલ છે.

સદર આરોપીઓ ચોરીની સી.એન.જી. ઓટોરીક્ષા નંગ-૫ તથા ચોરી કરેલ સોનાના દાગીના સાથે મળી આવેલ હોય જે બનાવ સબંમાં નિકોલ પોલીસ સ્ટેશન ખાતે પ્રસાદ ખવડાવી બેભાન કરી સોનાના દાગીના તથા મોબાઇલ ફોન ચોરી કરી જવા અંગે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયેલ હોય તેમજ સી.એન.જી. ઓટોરીક્ષા ચોરી બાબતે અમદાવાદ શહેરના બાપુનગર, ગાયકવાડ હવેલી, પોલીસ સ્ટેશન ખાતે ગુના નોંધાયેલ હોય જેથી આરોપીઓને નિકોલ પોલીસ સ્ટેશન તથા બીજા પોલીસ સ્ટેશનો ખાતે સૌંપવા તજવીજ કરવામાં આવેલ છે. હાલ સદર આરોપીઓને પકડી આગળની વધુ તપાસ પો.સબ.ઈન્સ. શ્રી એચ.વી.સિસારા ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)